દરમ્યાન અમદાવાદમાં પણ મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું. અમદાવાદમાં મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ઉપરાંત ગાંધીનગર, મહેસાણા, સુરત, ભરુચ, અરવલ્લી, પાટણ, રાજકોટ, સહિત અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

કચ્છમાં ભચાઉ, રાપર, અંજાર, આસપાસના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના સિહોર, વલ્લભીપુર, મહુવા, પાલીતાણા, અને ગારિયાધારમાં મેઘમહેર થઇ છે.

.................

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા, આઈ.આઈ.ટી. ગાંધીનગરની કેન્દ્રીય લાયબ્રેરી દ્વારા આજે ઇમ્પ્લીમેન્ટીંગ સક્સેસફુલ લાયબ્રેરી એન્ડ ઇન્ફમેશન ટીચીંગ સેશન ઇન એકેડેમિક લાયબ્રેરીઝ વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યશાળાઓ હેતુ શૈક્ષણિક પુસ્તકાલય વ્યવસાયિકોને પુસ્તકાલયની સેવાઓને નાવિન્યપૂર્ણ રીતે અસરકારક બનાવવા સહાયરૂપ થવાનો છે. આ કાર્યશાલામાં કેનેડા અને સાઉદી અરેબિયાના પ્રતિષ્ઠિત શૈક્ષણિક પુસ્તકાલયોના નિષ્ણાંતો ગુજરાત અને પડોશી રાજ્યોમાંથી ભાગ લેનારા પુસ્તકાલય વ્યવસાયિકોને માર્ગદર્શન આપશે.

આ સિવાય, આઈઆઈટી ગાંધીનગરની નવી બી.ટેક બેચના ૧૮૭ વિદ્યાર્થીઓ આવતીકાલે સવારે અમદાવાદના લાલદરવાજા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી સંસ્થાના ફાઉન્ડેશન પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ વિદ્યાર્થીઓ અને લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ માટેના કાર્ય કરશે.

.................

રાજ્ય સરકારની નાગરિક લક્ષી માહિતી લોકોને સરળતાથી ઉપલબ્ધ બને અને સરકારી કચેરીઓમાં મળતી સુવિધાઓની નાગરિકોને સરળતાથી જાણકારી મળી રહે તેના માટે એક હેલ્ક ડેસ્પ ઊભું કરવાનો નિર્ણય કરાયો છે. જેના ભાગરૂપે રાજ્યની તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીઓમાં પણ એક હેલ્પ ડેસ્ક શરૂ કરવા માટે નિયામકે પરિપત્ર દ્વારા સૂચના આપી છે. આ હેલ્પ ડેસ્ક માટે એક જવાબદાર કર્મચારીની નિમણૂક કરવાની પણ સૂચના અપાઈ છે અને જે

કર્મચારીની નિમણૂક કરવામાં આવે તેના હુકમની નકલ પણ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીમાં મોકલવાની રહેશે.

પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે હેલ્પ ડેસ્ક કચેરીની શરૂઆતના ભાગમાં રાખવું જેથી નાગરિકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે હેલ્પ ડેસ્ક ઉપર સ્પષ્ટ અને મોટા અક્ષરોમાં વંચાય તે રીતે શું હું આપને મદદ કરી શકું એમ ગુજરાતી તથા અંગ્રેજીમાં Help Desk એમ બોર્ડ લગાવેલું હશે.

.................

ગીરના જંગલોમાં પશુ-પંખીને વીજળીના શૉકથી બચાવવા ઇન્સ્યુલેટેડ તારનો ઉપયોગ કરાશે.